# ભ્રષ્ટાચાર સામે લોકસમર્થન માટે અણ્ણાનું આંદોલન

## ૧૮મી જૂનથી પ્રવાસનો પ્રથમ તબક્કો શરૂ થશે : ઉ.પ્રદેશના પ્રવાસની યોજના તૈયાર

નવી દિલ્હી,તા.૯

૨૫મી જુલાઈના દિવસે અનશન પહેલા ટીમ અણ્ણાના સભ્યો દેશના જુદા જુદા ભાગોમાં પ્રવાસ કરનાર છે. આ પ્રવાસ દરમિયાન ટીમ અણ્ણાના સભ્યો વડાપ્રધાનને ટાર્ગેટ બનાવે તેવી શક્યતા છે. અણ્ણા ટીમ પહેલાંથી જ વડાપ્રધાનને ટાર્ગેટ બનાવી રહી છે. હવે વધુ પ્રહારો કરવામાં આવે તેવી શક્યતા છે. ભ્રષ્ટાચારનો મામલો ઉઠાવવામાં આવશે. તેમના ભ્રષ્ટાચાર વિરુદ્ધના આંદોલન માટે લોકોનો ટેકો મેળવવામાં આવશે. પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં નાના ગામોની પણ મુલાકાત લેવામાં આવશે. ગ્રામ સમવાદ યાત્રા નામથી આ યાત્રા શરૂ થશે જેની શરૂઆત ૧૮મી જૂનથી થઈ રહી છે. આ યાત્રા ૧૨મી જુલાઈના દિવસે પૂરી થશે. ટીમ અણ્ણાના સભ્ય મનીષ સિસોદિયાની આમા મહત્વપૂર્ણ ભૂમિકા હશે. આ યાત્રા દરમિયાન જાગૃતિ જગાવવાના પ્રયાસ કરવામાં આવશે. વડાપ્રધાન સહિત ૧૫ કેબિનેટ પ્રધાનો સામે ભ્રષ્ટાચારના આક્ષેપોનો મુદ્દો ઉઠાવવામાં આવશે. કાર્યકરોની ત્રણ માંગ તૈયાર કરી લેવામાં આવી છે જેમાં કેબિનેટ પ્રધાનો સામે ખાસ તપાસ ટીમ દ્વારા તપાસ, મોટા રાજકીય નેતાઓ સામે સીબીઆઈ કેસને સીટને ટ્રાન્સફર કરવા અને ૧૬૨ સાંસદો સામે આરોપોની સુનાવણી કરવા ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવાની બાબતનો સમાવેશ થાય છે. ૧૮મી જૂનથી ૨૨મી જૂન દરમિયાન પ્રથમ તબક્કામાં આ ટીમ સારંગપુર વાયા ભાગપટ ગામોમાં પ્રવાસ કરશે. બીજા તબક્કામાં ૨૫મી જૂનથી ૨૯મી જૂન દરમિયાન મેરઠ, મુજફરનગર, બીજનોર અને રુરકીને આવરી લેવામાં આવશે. ત્રીજા તબક્કામાં યાત્રા નોયડા, બુલંદ શહેર, અલીગઢમાં જશે. આ યાત્ર ૨જી જુલાઈથી ૬ઠ્ઠી જુલાઈ દરમિયાન આગળ વધશે. જ્યારે યાત્રાના અંતિમ તબક્કામાં ૮મી જુલાઈથી ૧૨મી જુલાઈ દરમિયાન યાત્રા ગાઝિયાબાદ, હાપુર, જીપી નગર અને મુરાદાબાદમાં જશે.



## ભ્રષ્ટાચારમાં તપાસ કરવા સીટની રચનાની અણ્ણાની માગ ફગાવાઈ

નવી દિલ્હી,તા.૯

કેબિનેટ પ્રધાનો સામે ભ્રષ્ટાચારના આક્ષેપોમાં તપાસ કરવા ખાસ તપાસ ટીમ (સીટ)ની રચના કરવા અને તેમની સામે આરોપોમાં સુનાવણી ચલાવવા ફાસ્ટ્રેક કોર્ટની રચના કરવાની ટીમ અણ્ણાની માંગણીને આજે સરકારે ફગાવી દીધી હતી. અને કહ્યુ હતુ કે આવા મામલાઓને હાથ ધરવા માટે વર્તમાન વ્યવસ્થા બિલકુલ વાજબી અને પૂરતી છે. સરકારે આક્રમક વલણ અપનાવીને ટીમ અણ્ણાની આ માંગણીને ફગાવી દીધી છે. ગયા મહિને વડાપ્રધાનને લખવામા આવેલા ટીમ અણ્ણાના પત્રના જવાબમાં પીએમઓએ કહ્યુ છે કે અણ્ણાએ વડાપ્રધાન સામે ભ્રષ્ટાચારના આરોપોના સંબંધમાં કોઈપણ પુરાવા આપ્યા નથી. કોલસા બ્લોક ફાળવણીમાં મનમોહનસિંહ સામે આરોપોના સંદર્ભમાં પુરાવા આપવામા આવ્યા નથી. પીએમઓમાં રાજ્યપ્રધાન વી નારાયણ સ્વામીએ હજારેને લખવામા આવેલા પત્રમાં સાફ શબ્દોમાં જણાવ્યુ છે કે આરોપોના સંદર્ભમાં કોઈપણ પુરાવા આપવામા આવ્યા નથી. બદલામાં માત્ર આક્ષેપો જ કરવામા આવ્યા છે. તેમણે કહ્યુ હતુ કે કેગના અહેવાલના લીક થયેલા મુસદ્દાના આધાર ઉપર આક્ષેપો કરવામા આવ્યા હતા. આમાં મીડિયા અહેવાલોને પણ આવરી લેવામા આવ્યા હતા. પ્રધાને કહ્યુ હતુ કે સરકારે સીટ માટેની તેમની માંગણી ઉપર વિચારણા કરી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે સરકાર તમામ બાબતોને ધ્યાનમાં લઈને આગળ વધી રહી છે. નારાયણ સ્વામીએ કહ્યુ હતુ કે અણ્ણા દ્વારા ઉઠાવેલા મુદ્દાઓને હાથ ધરવા માટે પૂરતા પ્રમાણમાં કાયદાયીક અને બંધારણ માળખુ ઉપલબ્ધ છે. જેથી માંગણીને કોઈપણ કિંમતે સ્વીકારી શકાય નહી. હજારે અને તેમના સાથીઓએ ભ્રષ્ટાચારના આરોપોમાં તપાસ કરવા ત્રણ નિવૃત જજની બનેલી સ્વતંત્ર સીટની રચના કરવાની માંગ કરી હતી. પત્રમાં તેઓએ માંગ કરી હતી કે સીટે ૧૫ ભ્રષ્ટાચારી પ્રધાનો સામે તપાસ કરવી જોઈએ. યૂપીએ સરકાર એનફોર્સમેન્ટ ડિરેકટોરેટ (ઈડી), સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક ટેક્સ (સીબીડીટી), કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ (કેગ) જેવી સંસ્થાઓની કામગીરીમાં દરમ્યાનગીરી કરે છે તેવી રજૂઆતને તેમણે ફગાવી દીધી હતી અને કહ્યુ હતુ કે સીબીઆઈ અંગે અણ્ણા હજારેની ગણતરી બિલકુલ ખોટી છે. કેગનો અહેવાલ સંસદ સમક્ષ રજૂ કરવામા આવ્યો નથી. કોલસાની ફાળવણી અંગે જ્યારે કેગનો અહેવાલ રજૂ કરવામા આવશે ત્યારે સરકાર પીએસઈ સમક્ષ જવાબ આપશે. નારાયણ સ્વામીએ કહ્યુ હતુ કે સીવીસીએ પહેલાથી જ આ સંબંધમાં સાંસદ દ્વારા કરવામા આવેલી ફરિયાદના આધાર પર તપાસ કરવા સીબીઆઈને આદેશ કરી દીધો છે. પીએમઓએ અણ્ણા હજારેની એવી રજૂઆતને પણ ફગાવી દીધી છે કે સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ અને કેગે કેટલીક વખત પ્રધાનો સામેના આક્ષેપો પડતા મુકી દીધા છે. તેમણે ઉમેર્યુ હતુ કે સરકારની કામગીરીમાં વધુ પારદર્શકતા લાવવાના પ્રયાસ કરવામાઆવી રહ્યા છે.

## સચિન તેંડુલકરે એક સાંસદ તરીકે દિલ્હીમાં મળનાર સરકારી બંગલાને સ્વીકારવાનો કરેલ ઈનકાર

નવી દિલ્હી,તા.૯

તાજેતરમાં જ રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લેનાર માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર લોકો અંગે વિચારણા કરવા શરૂઆત કરી દીધી છે. સચિન તેંડુલકર એક સાંસદ તરીકે દિલ્હીમાં મળનાર સરકારી બંગલાને સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે. સચિને કહ્યુ છે કે સરકાર બંગલાને સ્વીકારવાથી લોકોના પૈસા બરબાદ થશે. સચિને એમ પણ કહ્યુ હતુ કે દિલ્હીમાં પોતાના ખર્ચ પર હોટલમાં રહેવાનુ પસંદ કરશે. સચિન તેંડુલકરે એક સમાચાર ચેનલને આપેલી મુલાકાતમાં કહ્યુ છે કે તે કોઈપણ સરકારી બંગલામાં રહેવા ઈચ્છુક નથી. તેના લાગે છે કે આ સરકારી નાણાનુ નુકસાન છે. તેના કરતા વધારે જેને જરૂર છે તે વ્યક્તિને આ બંગલો આપી દેવામાં આવે તેવી ઈચ્છા સચિને વ્યક્ત કરી છે. સોમવારના દિવસે રાજ્યસભાના સાંસદ તરીકે શપથ લીધા બાદ સચિને કહ્યુ હતુ કે



જયારે પણ તે દિલ્હીમાં હશે ત્યારે હોટલમાં જ રોકાશે. સચિને એમ પણ કહ્યુ હતુ કે તેના માટે રાજ્યસભાના સભ્ય તરીકે પસંદગી પામવી અને આનાથી મળનાર વિશેષ અધિકાર અને લાભથી મોટી બાબત સન્માનની છે. સચિને લંડન રવાના થતા પહેલા ચેનલ સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કેસરકારી બંગલાને નહી સ્વીકારવાથી રાજ્યસભાના સભ્ય તરીકે તેની જવાબદારી પર કોઈ અસર થશ નહી. દરેક સત્રમાં કેટલાક દિવસ સાંસદમાં હાજરી આપશે. આ અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે સચિન દિલ્હીમાં રાહુલ ગાંધીના પડોશી હશે. અહેવાલમાં એમ પણ જણાવવામા આવ્યુ હતુ કે સચિનને તુગલક લેનના પાંચ નંબરના બંગલાને આપવાની તૈયારી હતી. ૧૨ તુગલક લેનમાં રાહુલ ગાંધીનો આવાસ છે. સચિનની સુરક્ષાને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાયો હતો. સંસદમાં સભ્ય બન્યા બાદ લોકોમાં એવી ચર્ચા હતી કે તે સંસદમાંથી સમય આપી શકશે કે કેમ આજે સચિને આ અંગે કેટલાક ખુલાસા કર્યા હતા.

## સંજય જોશીને ભાજપમાં પરત લેવા પ્રયાસ કરવા જોઈએ : તોગડીયા

કોલકાતા,તા.૯

વિશ્વ હિન્દુ પરિષદના નેતા પ્રવીણ તોગડિયાએ આજે કહ્યુ હતુ કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે મતભેદોના કારણે છેડો ફાડી દેનાર સંજય જોશીને પરત લેવાના ભાજપે પ્રયાસો કરવા જોઈએ. ભાજપના નેતા તરીકે સંજય જોશીની હકાલપટ્ટીને કમનસીબ તરીકે ગણાવીને તોગડિયાએ કહ્યુ હતુ કે ભાજપે એક શક્તિશાળી નેતા ગુમાવી દીધા છે. પક્ષે તેમને પરત લેવાના પ્રયાસ કરવા જોઈએ. તોગડિયાએ એમ પણ કહ્યુ હતુ કે તેમના જેવા કટિબદ્ધ લોકો બહાર નિકળી જવાથી પક્ષને મોટુ નુકસાન છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે તેમના જેવા કટિબદ્ધ અને શક્તિશાળી નેતાઓ શોધી કાઢવા મુશ્કેલ છે. પક્ષે તેમને પરત લેવાના



પ્રયાસ કરવા જોઈએ. સંજય જોશીના નરેન્દ્ર મોદી સાથે ખરાબ સંબંધો રહ્યા છે. તોગડિયા સાથે મોદીના સંબંધો પણ હાલના દિવસોમાં એકદમ સારા રહ્યા નથી. તોગડિયાએ કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. મુસ્લિમ વસ્તીની ઊંચી ટકાવારી ધરાવતા વિસ્તારોમાં પોલીસ સ્ટેશનોંમાં ઓછામાં ઓછા એક મુસ્લિમ ઓફિસરોની નિમણૂક કરવા રાજ્ય સરકારોને અપીલ કરવાની કેન્દ્ર સરકારની હિલચાલની ટીકા કરી હતી. તેમણે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર કોમવાદી ઝેર ફેલાવી રહી છે. આ પ્રકારના પ્રયાસોથી પોલીસ ફોર્સ પણ કોમવાદી બનશે. પોલીસ ફોર્સ અને સુરક્ષા દળોને ધર્મ સાથે કોઈપણ લેવા દેવા નથી. કોંગ્રેસ દ્વારા હવે પોલીસ ફોર્સને પણ કોમવાદી રંગ આપવાના પ્રયાસ કરવામા આવી રહ્યા છે. પ્રવીણ તોગડિયાના આજના નિવદેનને મહત્વપૂર્ણ ગણવામા આવે છે. અત્રે નોંધનીય છે કે ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાંથી રાજીનામુ આપી દીધા બાદ ગઈકાલે સંજય જોશીની ભાજપમાંથી પણ હકાલપટ્ટી કરી દેવામા આવી હતી. ભાજપમાંથી કાર્યમુક્તિ માટેની સંજયજોશીની માંગણી સ્વીકારી લેવામા આવી હતી. સંજય જોશીએ કહ્યુ હતુ કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કારણે તેઓ ભાજપ સાથે છેડો ફાડી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે પક્ષના હિતમાં તેઓ નિર્ણય કરી રહ્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે આ પ્રકારના ઘટનાક્રમ નુકસાનકારક છે તેમ ભાજપના વર્તુળોમાં લોકો માની રહ્યા છે. પોસ્ટર વોર બાદ સંજય જોશીને ભાજપમાંથી બહાર કરવામા આવ્યા છે.

## કાશ્મીરમાં ફસાયેલા કુલ ૪૦૦ લોકોને બચાવાયા

જમ્મુ,તા.૯

જમ્મુ કાશ્મીરમાં શ્રીનગર-લેહ રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર ખરડુંગ લા પાસમાં ફસાયેલા બાળકો સહિત આશરે૪૦૦ લોકોને બચાવી લેવામા આવ્યા



છે. ભેખડો ધસી પડતા આ લોકો ફસાઈ ગયા હતા. સેના અને પોલીસે બચાવ કામગીરી હાથ ધરીને તમામ લોકોને બચાવી લીધા છે. સેનાના ઉત્તરીય કમાન્ડના પ્રવક્તા રાજેશ કાલિયાએ કહ્યુ હતુ કે શુક્રવારે સાંજથી દક્ષિણ અને ઉત્તરીય પુલ્લુ વિસ્તારમાં ૧૫૦ જેટલા વહાનો ફસાઈ ગયા હતા. અધિકારીઓએ કહ્યુ હતુ કે આ વિસ્તારમાં ઓક્સિજન ઘટી જવાના કારણે ૧૨૦ લોકોને ઓક્સિજન આપવાની વ્યવસ્થા કરવામા આવી હતી. ખરડુંગ લા પાસને વિશ્વમાં સૌથી સર્વોચ્ચ વહાન વાળા પાસ તરીકે ગણવામા આવે છે. લદ્દાખના ઠંડક વાળા રણ વિસ્તારમાં ૧૭૮૦૦ ફુટની ઉંચાઈ પર આ માર્ગ સ્થિત છે. ૨૫મી એપ્રિલના દિવસે ૪૩૪ કિલોમીટર લાંબા રાજમાર્ગને ખુલ્લો મૂકી દેવામા આવ્યો હતો.

## ડિમ્પલ યાદવને સત્તાવાર રીતે કન્નોજ પેટાચૂંટણીમાં બિન હરીફ ચૂંટાયેલા જાહેર

લખનૌ,તા.૯

સમાજવાદી પાર્ટીના ઉમેદવાર ડિમ્પલ યાદવને આજે સત્તાવાર રીતે કન્નોજ પેટાચૂંટણીમાં બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. ડિમ્પલ યાદવ ચૂંટાયેલા ઉમેદવાર જાહેર થતા છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. કન્નૌજ પેટાચૂંટણીમાં ડિમ્પલ યાદવ સામે ભાજપ, કોંગ્રેસ અને બહુજનસમાજ પાર્ટીએ પોતાના ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા ન હતા જેથી તેમની જીત પહેલાથી જ નક્કી દેખાઈ રહી હતી. રિટર્નીંગ ઓફિસરની પણ ભૂમિકામાં રહેલા જિલ્લા મેજીસ્ટ્રેટે ત્રણ વાગ્યા બાદ જાહેરાત કરી હતી. આની સાથે જ સમાજવાદી પાર્ટીના વડા મુલાયમ સિંહ યાદવના પુત્રવધુ અને મુખ્યમંત્રી અખિલેશ યાદવના પત્ની ડિમ્પલ યાદવ બિન હરીફ ચુંટાયેલા ઉમેદવાર બની ગયા છે. બિનહરીફ ચૂંટાયેલા



ડિમ્પલ યાદવ પ્રથમ મહિલા ઉમેદવાર છે. ડિમ્પલ યાદવ મુખ્યમંત્રી અખિલેશ યાદવના પત્ની હોવાથી તેમની જીત પહેલાથી જ પરંપરાગત મત વિસ્તારમાં નિશ્ચિત દેખાઈ રહી હતી. આ વર્ષની શરૂઆત માર્ચમાં રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર અખિલેશના રાજીનામા બાદ કન્નોજની બેઠક ખાલી થઈ હતી. ડિમ્પલ સામે કોઈપણ રાજકીય પાર્ટીએ તેમના ઉમેદવાર મેદાનમા ઉતાર્યા ન હતી. બે અપક્ષ ઉમદવારોએ તેમની ઉમેદવારી શુક્રવારે પાછી ખેંચી લીધી હતી જેથી ડિમ્પલની બિનહરીફ ચૂંટણીનો માર્ગ ગઈકાલે મોકળો થઈ ગયો હતો. મુલાયમ સિંહ યાદવે તેમની પુત્રવધુની બિન હરીફ ચૂંટણી બદલ કન્નોજના લોકોને આભાર માન્યો છે.

## પેટ્રોલની કિંમતમાં વધુ ઘટાડો થઈ શકે : પ્રણવ

કોલકાતા,તા.૯

નાણામંત્રી પ્રણવ મુખર્જીએ આજે કહ્યુ હતુ કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડની કિંમતમાં ઘટાડો થયા બાદ પેટ્રોલની કિંમતોમાં પણ ઘટાડો કરવામા આવી શકે છે. ઓઈલ કંપનીને ૨૪મી મેના દિવસે પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ ૭.૫૪ રૂપિયાનો વધારો કર્યો હતો. જો કે આનો વિરોધ કરવામાં આવતા હાલમાં જ પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ ૨.૦૨નો ઘટાડો કરવામા આવ્યો હતો. પ્રણવ મુખર્જી શુક્રવારે મોડી રાત્રે કોલકાતા પહોંચ્યા હતા. તેમણે ઉમેર્યુ હતુ કે કેન્દ્ર સરકાર તૃણમુલ કોંગ્રેસ અને તેના પ્રમુખ મમતા બેનર્જી સાથે પીએફઆરડીએ બિલ મામલે ચર્ચા કરશે. તેમણે કહ્યુ હતુ કે વધુ ચર્ચા ટૂંકમાં જ હાથ ધરવામાં આવશે.

## સિદીકીની હત્યા: બેંગ્લોર બ્લાસ્ટની તપાસને ફટકો

મુંબઈ,તા. ૯

પૂણેની યેરાવાડા સેન્ટ્રલ જેલમાં સિદીકીની ઘાતકી હત્યા કરવામાં આવ્યા બાદ બેંગ્લોર બ્લાસ્ટ કેસમાં તપાસને મોટો ફટકો પડી શકે છે. કર્ણાટક પોલીસ સિદીકીની મદદથી બ્લાસ્ટની જડ સુધી પહોંચવાના



પ્રયાસ કરી રહી હતી. દિલ્હી પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલા ૧૩ સભ્યોની ટૂંકડી પૈકી સિદીકી પ્રથમ સભ્ય હતો. પૂછપરછ દરમિયાન આ શખસે કહ્યું હતું કે ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૦ના દિવસે તે અને અન્ય આઈએમનો સભ્ય મોહમંદ અદીલ ચોરી કરવામાં આવેલી મોટર સાઈકલ ઉપર જામા મસ્જિદ ઉપર ગયા હતા અને ટાઈવાની પ્રવાસી ઉપર ગોળીબાર કર્યો હતો. બેંગ્લોરના ચેન્ના સ્વામી બ્લાસ્ટ કેસમાં પણ સંડોવાયો હતો. એપ્રિલ ૨૦૧૦માં આઈપીએલની મેચ પહેલાં આ બ્લાસ્ટ થયો હતો. યાશીન ભટકલ અને રિયાઝ ભટકલની પ્રવૃત્તિ શોધી કાઢવા માટે સિદીકીની ભૂમિકા પણ મહત્વપૂર્ણ હતી. ઈડિયન મુજાહીદીનના દક્ષિણ ભારતીય કમાન્ડર યાશીન ભટકલના તે નજીકના સંપર્કમાં હતો.

### સંગઠનના સેતુથી... (પાના નં. ૪ નું ચાલુ)

જંગલના વાસીઓમાં હિન્દુત્વ અને સંગઠનનો પ્રાણ ફૂંકવામાં કુશળ સંગઠન એવા શિવાજી મહારાજ સફળ રહ્યા. ભયંકર કષ્ટો વેઠીને દેશની બહાર રહીને પણ સુભાષચંદ્ર બોઝ 'આઝાદ હિન્દ ફોજ' નું નિર્માણ કરી શક્યા. આ બધા વીરપુરૂષોનો માર્ગ સરળ તો કયારેક ન હતો. એમને સિધ્ધિ અપાવી હોય તો એમની સંગઠન કુશળતાએ અપાવી.

ભગવાન રામચંદ્રજીના સંગઠન-કૌશલ્યને કારણે અસંખ્ય વનવાસીઓ રામકાજમાં જોડાયા અને અધર્મની સામે પડ્યા. ભક્તિ અને સહયોગની અપૂર્વ ભાવનાને કારણે રામેશ્વરના સમુદ્રતટ પરની ખિસકોલી શ્રધ્ધાપૂર્વક રેતીને એક-એક કણ નાખતી હતી. સેતુબંધ કંઈ અમસ્તો જ નહોતો બંધાયો. સંગઠનની ભાવના એનું બળ હતું.

અનેક કુટુંબો જોયાં છે જે ખૂબ ખરાબ પરિસ્થિતિમાં એકવાર જીવતાં હતાં. એના પ્રત્યેક ઘટકની સામૂહિક ભાવનાથી ખભેખભા મિલાવી એક દિશામાં કામ કરવાથી આજે સુખી-સંપન્ન બન્યાં છે.

સંગઠન શક્તિનું પરિણામ નજર સામે છે. સહુ કોઈ જોઈ શકે છે, અનુભવી શકે છે.

નજર સમક્ષ શ્રેષ્ઠ લક્ષ્ય હોય...
મનમા પોલાદી મનોબળ હોય...
કરમાં શક્તિ પ્રબળ હોય...
પગમાં ધ્યેય પ્રત્યેની ગતિ હોય...
ઉરમાં ધ્યેય માટેની આગ હોય...


અને આવાં અસંખ્ય ઉર અનુશાસિત રીતે સંગઠનની માનસિકતાથી પોતપોતાનાં સત્ત્વને નિચોવીને સંગઠનનો સેતુ રચે તો પછી પૂછવું જ શું? મુશ્કેલીઓનો મહાસાગર કરી આપે!

## નડાલ અને જોકોવિકની વચ્ચે આજે ખરાખરીનો જંગ

પેરિસ,તા. ૯

જેની ટેનિસ પ્રેમીઓ ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે વર્ષની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં આવતીકાલે પુરૂષોની ફાઈનલમાં રાફેલ નડાલ અને નોવાક જોકોવિક વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. એકબાજુ નડાલ સાતમી વખત ફ્રેન્ચ ઓપનમાં જીત મેળવવા માટેની તૈયારીમાં વ્યસ્ત છે. બીજી બાજુ નોવાક જોકોવિક પણ





ઈતિહાસ સર્જવા માટે તૈયાર છે. આધુનિક સમયના બે શ્રેષ્ઠ ખેલાડીઓ વચ્ચે સતત ચોથી વખત ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં જંગ ખેલાશે. નડાલે કોઈ પણ તકલીફ વગર એકતરફી મેચમાં ફેરર પર જીત મેળવીને ફાઈનલમાં એન્ટ્રી કરી હતી. જો કે બીજી સેમીફાઈનલમાં ધારણા પ્રમાણે જ જોકોવિકને ટોચના ખેલાડી અને ટેનિસ ઈતિહાસમાં પોતાના નામે અનેક રેકોર્ડ ધરાવતા રોજર ફેડરરને હાર આપવામાં તકલીફ પડી હતી. બે ટોચના ખેલાડીઓએ પોત પોતાની મેચ જીતી જોરદાર રીતે ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી છે. નડાલે ફેરર પર ૬-૨, ૬-૨ અને ૬-૧થી જીત મેળવી હતી. જ્યારે જોકોવિકે ફેડરર પર ૬-૪, ૭-૫ અને ૬-૩થી જીત મેળવી હતી. આવતીકાલે બન્ને વચ્ચે ઐતિહાસિક ફાઈનલ રમાશે. નડાલ જીતશે તો તે સાતમી વખત ફ્રેન્ચ ઓપન જીતવાનો રેકોર્ડ સર્જશે. મહાન ખેલાડી બોર્ગના રેકોર્ડને તે તોડશે. અને જો જોકોવિક જીતશે તો સતત ચાર ગ્રાન્ડ સ્લેમ જીતનાર તે ૪૩ વર્ષમાં પ્રથમ ખેલાડી બનશે. બન્ને વચ્ચે તમામ મેચો ખુબ રોમાંચક રહી છે. રોજર ફેડરર ૧૬ ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનશીપ જીતી ચુક્યો છે. પરંતુ તાજેતરના વર્ષોમાં તેની રમતમાં ધાર ઓચી થઈ છે. આ જ કારણસર તે પહેલાથી જ હોટફેરવરીટ ખેલાડી ન હતો. ફ્રેન્ચ ઓપનમાં ધારણા પ્રમાણે જ ટોચના ખેલાડી સેમી ફાઈનલ અને ફાઈનલમાં પહોંચ્યા છે. જોકોવિક છેલ્લી ૨૭ મેચોથી અપરાજિત રહ્યો છે. જેમાં નડાલ સામેની મેચમાં જીતનો પણ સમાવેશ થાય છે. જુલાઈ મહિનામાં વિમ્બલ્ડનનો સમાવેશ થાય છે. નડાલ અને જોકોવિક વચ્ચે હજુ સુધી ૩૨ મેચો રમાઈ છે. જે પૈકી નડાલની ૧૮માં અને જોકોવિકની ૧૪ મેચોમાં જીત થઈ છે.

## ડીએ કેસ : જગનમોહનની સીબીઆઈ દ્વારા પૂછપરછ

નવી દિલ્હી,તા.૯

અપ્રમાણ સંપત્તિ કેસમાં સીબીઆઈએ જગનમોહન રેડ્ડીની કસ્ટોડિયલ પૂછપરછ શરૂ કરી દીધી છે. અપ્રમાણ સંપત્તિ કેસમાં વધુ પૂછપરછ માટે જગનમોહન રેડ્ડીની બે દિવસની કસ્ટડી આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે મંજૂર કર્યાના એક દિવસ બાદ જ પૂછપરછનો દોર આગળ વધારવામા આવ્યો છે. વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના નેતા જગનમોહન રેડ્ડી હાલ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. કડાપ્પાના સાંસદને સવાર ૧૦.૩૦ વાગે કેન્દ્રીય સદનમાં સીબીઆઈની ઓફિસમાં લાવવામા આવ્યા હતા. અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે જગનમોહનને લાવવામા આવ્યા હતા. અપ્રમાણ સંપત્તિ કેસના સંબંધમાં ૨૭મી મેના દિવસે એજન્સી દ્વારા ધરપકડ કરવામા આવ્યા બાદ જગનમોહન ૧૧મી જૂન સુધી જ્યુડિશ્યલ કસ્ટડી હેઠળ છે. અને ચંચલગુડાની જેલમાં છે. હાઈકોર્ટે ગઈકાલે દસમી જૂન સુધી બે દિવસ માટે સીબીઆઈને જગનની કસ્ટડી આપી હતી. સાથે સાથએ સવારે ૧૦.૩૦ વાગેથી સાંજે ૫.૦૦ વાગે સુધી તેમની પૂછપરછ કરવા સીબીઆઈએ આદેશ કર્યો હતો. વકીલોની હાજરીમાં જ આ પૂછપરછ આગળ વધારવામા આવશે. સીબીઆઈએ જગનની કસ્ટડીની માંગ કરીને કહ્યુ હતુ કે હજુ ઘણા પાસાઓ પર પૂછપરછ બાકી રહી ગઈ છે. સીબીઆઈએ કોર્ટને એમ પણ કહ્યુ હતુ કે જગનમોહનની પાંચ દિવસની કસ્ટડી સાતમી જૂનના દિવસે પૂરી થઈ ગયા બાદ વધુ તપાસની જરૂર છે.